# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-12-2024 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## મુખ્યમંત્રી-સુરત:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સુરતમાં સંસ્કૃતિની રક્ષા માટે યોગદાન આપનારા આઠ વ્યક્તિ વિશેષનું આજે સન્માન કરાયું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સાંસ્કૃતિક મૂલ્યોના રક્ષણ માટે લડી રહેલાં યોધ્ધાઓના પ્રોત્સાહનથી અન્ય સમાજ સેવકો પણ પ્રેરિત થશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ વર્ષ 2047 સુધીમાં વિકસિત આત્મનિર્ભર ઉન્નત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે, જેમાં આપણે સૌએ સાથે મળીને જાગૃત સમાજનું નિર્માણ કરવાનું છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે 'સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન'ના સહયોગથી સુરતમાં સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કારનું આયોજન કર્યું હતું.

મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું કે, "ભારતીય સંસ્કૃતિનુ જતન એ ગુજરાતના સ્વભાવમાં વણાયેલું છે. આજના સમયમાં આપણી વિરાસતને જાળવવાની તથા સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધનની તાતી જરૂર છે.

-------------------------------------------------------------------------------------

## મારી યોજના પોર્ટલ

"મારી યોજના પોર્ટલ" દ્વારા ગુજરાતે શુસાસનનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. "મારી યોજના" પોર્ટલ ઉપર 680 થી વધુ સરકારી યોજનાઓની વિગતવાર માહિતી  પ્રાપ્ત થશે. તેમજ રાજ્યના નાગરિકોને એક જ પોર્ટલ ઉપરથી તમામ યોજનાઓનો લાભ મળશે. અને તેના દ્વારા

છેવાડાનો નાગરીક કચેરીઓના ધક્કા ખાધા વિના સરળતાથી યોજનાઓની માહિતી પ્રાપ્ત કરી શકશે.

---

## રાજય વેરા નિરીક્ષક વર્ગ-3ની પરીક્ષા

કચ્છ સહિત રાજયના 33 જીલ્લાઓના 754 પેટા કેન્દ્રો પર આજે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજય વેરા નિરીક્ષક વર્ગ-3ની ભરતી માટે પ્રિલિમરી પરીક્ષાઓ શાંતિપુર્ણ રીતે યોજાઈ હતી. આ પરીક્ષા એક લાખ પંચ્યાસી હજાર ઉમેદવારોએ આપી હતી. ભુજની ઓલફ્રેડ હાઈસ્કુલ ખાતેના કેન્દ્ર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે 11 વાગ્યે શાંતિપુર્ણ રીતે પરીક્ષાનો પ્રારંભ થયો હતો. પરીક્ષા પુર્ણ થયા બાદ પેપરોને ચુસ્ત બંદોબસ્ત સાથે આર.એ.સીના સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે. આ વખતની પરીક્ષામાં ચુસ્ત નિયમોનું પાલન કરવામાં આવ્યુ છે.

---

## અંજાર-સ્થાપના દિવસ

ઐતિહાસિક શહેર અંજારના 1480માં સ્થાપના દિનની ઉજવણીના ઉપલક્ષમાં આવતીકાલે તા. 23 ડિસેમ્બરના વિવિધ કાર્યક્રમો યોજાશે. આ ઉજવણી અંતગર્ત અંજાર નગરપાલિકા કચેરી ખાતે થી વાજતે ગાજતે સવારે 10 વાગ્યે શોભાયાત્રા નીકળશે. 10.30 વાગ્યે અજેયપાળ મંદિરે પૂજા અર્ચન બાદ શોભાયાત્રા ગંગાનાકા પહોંચશે. સવારે 11 વાગ્યે અંજાર મત વિસ્તારના ધારાસભ્ય અને સુધરાઈ દ્વારા ખીલીપૂજન અને તોરણવિધી કરવામાં આવશે. તેમજ દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે.

---

## હવામાન

ગુજરાતમાં ધીમે ધીમે ઠંડીએ પોતાનો પ્રકોપ વધાર્યો છે. રાજયના મોટાભાગના વિસ્તારોમાં ઠંડા પવનોને કારણે લોકોનું જીવન મુશ્કેલ બન્યું છે. ત્યારે આગામી 28મી ડિસેમ્બર સુધી ઠંડી અને વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. આ દરમિયાન આજે વહેલી સવારથી વાદળછાયુ વાતાવરણ સર્જાયું હતું. અનેક શહેરોમાં વહેલી સવારથી જ ગાઢ ધુમ્મસ

જોવા મળી હતી. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં આગામી ચાર દિવસ 26 ડિસેમ્બર સુધી શુષ્ક હવામાનની સંભાવના છે. જ્યારે 27મી ડિસેમ્બરે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિતના 15 જિલ્લા અને 28 ડિસેમ્બરે 13 જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી છે. દરમ્યાન રાજ્યના સૌથી ઠંડા મથક નલિયામાં આજે લઘુત્તમ તાપમાન 7.2 , જીલ્લા મથક ભુજમાં 12.4 અને કંડલામાં 15 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું.

---

## કેરળ-મહિલા પત્રકાર પ્રતિનિધિ મંડળ-કચ્છ મુલાકાત:

ગુજરાતના પ્રવાસે આવેલા કેરળનાં મહિલા પત્રકાર પ્રતિનિધિ મંડળે આજે તેમના પ્રવાસનાં છેલ્લા દિવસે ધોળાવીરા, નિરોણા ગામ અને સ્મૃતિવનની મુલાકાત કરી હતી.

પીઆઈબી, તિરુવનંતપૂરમ, કેરળ દ્વારા આયોજીત મહિલા પત્રકાર પ્રતિનિધિ મંડળે ગુજરાતમાં તેમના પ્રવાસનાં છેલ્લા દિવસે આજે ધોળાવીરામાં સિંધુ સંસ્કૃતિ અને હડપ્પન સભ્યતાના અવશેષો મળી આવ્યા છે તે સ્થળની મુલાકાત લીધી હતી.

કચ્છની ઓળખ સમાન રોગન આર્ટ માટે જાણીતા અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા અબ્દુલગફુર ખત્રીની તેમના ઘરે રૂબરૂ મુલાકાત લીધી હતી. જ્યાં અબ્દુલગફુરએ રોગનની સમજણ, રંગ બનાવટ અને વિવિધ ડિઝાઈન બાબતે માહિતી આપી હતી. પોતાની આ કલા યાત્રા જેમાં ભૂલાતી જતી આ કલાને વિશ્વ સ્તરે જાણીતી કરવા અંગેની ચર્ચા પણ તેમણે કરી હતી.

ત્યાર બાદ પત્રકારોએ સ્મૃતિવન, ભૂજની મુલાકાત લીધી હતી. જેમાં વિવિધ માહિતીની સાથે ભૂકંપ દરમિયાન કચ્છ, ગુજરાતમાં થયેલી તારાજીની તાદૃશ્ય અનુભૂતિ કરી હતી.

---

## PM-મન કી બાત

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29મી ડિસેમ્બરનાં રોજ આકાશવાણી પર ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ અને વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 117મી કડી હશે.**

લોકો ટોલ ફ્રી નંબર **1800-11-7800** પર આ કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા **MyGov** ઓપન ફોરમ દ્વારા પણ લોકો પોતાનાં વિચારો રજૂ કરશે. **27** ડિસેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સમગ્ર નેટવર્ક, **AIR** ન્યૂઝ વેબસાઈટ અને **newsonair** મોબાઇલ એપ પર કરવામાં આવશે.

---------------------------------------------------------------------------